# સામાજિક ચેતનાનું કેન્દ્રબિન્દુ
# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

પૃથ્વી નામના ગ્રહ પરની એક અજોડ ઘટના એટલે - **'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'**ની ગાંધીનગર, ગુજરાતમાં સ્થાપના. અજોડ ઘટના એટલા માટે કે જગતની કોઈ યુનિવર્સિટી અજન્મા શિશુથી ૧૮ વર્ષ સુધીના તરુણના વિકાસનું લક્ષ્ય નથી સેવતી.

જગતમાં 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' નામ ધરાવતી સંસ્થાઓ કેટલાક દેશોમાં છે : જેમ કે માન્ચેસ્ટર (યુ.કે.), ચીન, એડિલેડ (ઑસ્ટ્રેલિયા), મલેશિયા, સ્કૉટલેન્ડ, ટેક્સાસ (યુ.એસ.એ.), બોસ્નિયા અને સારાજેવોમાં એક ટ્રસ્ટ કે NGOની જેમ આ દેશોમાં ૭ થી ૧૪ વર્ષના બાળકોની પ્રવૃત્તિઓનાં વિભાગો - કેન્દ્રો ચાલે છે.....પણ શિક્ષણ, પ્રશિક્ષણ, સંશોધન અને વિસ્તરણ - એમ ચારેય આયામોમાં એક યુનિવર્સિટીની જેમ કોઈ પણ કામ થતું નથી. એટલે સમગ્ર વિશ્વના પટ પર ગાંધીનગરમાં સ્થપાયેલી આ યુનિવર્સિટી ચારેય આયામોમાં સમગ્રતાથી કામ કરે છે, જે ગર્ભાધાન સંસ્કાર-પ્રક્રિયાથી શરૂ કરી ઉત્તમ સંતતિનું આવાહન અને અવતરણ કરવાની દિશા ચીંધે છે....અને એ પ્રત્યેક બાળકને ઉત્તમ મનુષ્યના રૂપમાં સમાજને ચરણે ધરવાનું સ્વપ્ન સેવે છે.

આ વિચારના સ્વપ્નદ્રષ્ટા છે આપણા પરમ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી. એ કેવળ સ્વપ્નદ્રષ્ટા જ નથી, મંત્રદ્રષ્ટા પણ છે. એમના મનમાં એક અદ્ભુત મંત્રનો આવિર્ભાવ થયો - EVERY CHILD MATTERS : પ્રત્યેક બાળક મહત્ત્વનું છે. આ મંત્રનો વિસ્તાર યુનિવર્સિટીના 'દર્શન' માં પરિણમ્યો. આ દર્શન પણ મા.શ્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દોમાં : ''બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે.''

આ મંત્ર અને દર્શનને વ્યાવહારિક પૃષ્ઠભૂમિ પર લાવવા એમણે એક તંત્રને જન્મ આપ્યો, જેનું નામ છે **- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી.**

૯ મી જૂન ૨૦૦૮નો દિવસ. દેશના અગ્રગણ્ય શિક્ષણવિદોના એક કાર્યશિબિરમાં આ વિચારને મા.નરેન્દ્રભાઈએ સર્વપ્રથમ રજૂ કર્યો. એ કાર્યશિબિરમાં એમણે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ની આવશ્યકતા અંગે વિગતવાર સમજ આપી, એમણે એવો નિર્દેશ કર્યો હતો કે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' મુખ્યત્વે બાળસંબંધી વિષયોના સંશોધન પર કેન્દ્રિત હશે. તેમણે જણાવ્યું કે આજના યુગના બાળકોને અનાવશ્યક દબાણના ભાર નીચે રાખવામાં આવે છે. આ પરિસ્થિતિમાં સુધારો લાવવો અત્યંત આવશ્યક છે. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે વર્તમાન સમયમાં વિભક્ત કુટુંબો ઝડપથી વધી રહ્યાં છે.....અને, 'માવજત અને સુરક્ષા' - જે બાળકોનો નૈસર્ગિક અધિકાર છે તેને હાંસિયામાં ધકેલવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં સંકલ્પના સ્પષ્ટ કરતાં એમણે કહ્યું કે માત્ર શારીરિક આરોગ્ય જ નહીં, પરંતુ માનસિક આવશ્યકતાઓના સંદર્ભમાં તમામ જરૂરી સહાય અને સંભાળ સુનિશ્ચિત કરવા માટે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'એ આગળ આવવું જોઈએ, જેથી આજનાં અને આવતી કાલનાં બાળકો સમગ્ર સમાજ દ્વારા પૂરી પડાયેલી લાગણીની ઉષ્માના કાળજીભર્યા વાતાવરણમાં ઉછેર પામી પોતાના વ્યક્તિત્વને સોળે કળાએ વિકસાવી શકે. આવી પૂર્ણવિકસિત વ્યક્તિઓ જ પોતાનાં શ્રેષ્ઠતમ કૌશલ્યોથી દેશ માટે અને સમગ્ર માનવજાત માટે સેવાયુક્ત પ્રદાન કરી શકે.

આ કાર્યશિબિરમાં ભાગ લેનારા તમામ શિક્ષણવિદોએ આ વિચારને આવકારીને તેના સંદર્ભે ઘણાં ઉપયોગી સૂચનો કર્યાં હતાં. દિનાંક ૧૨ સપ્ટેંબર, ૨૦૦૮ના રોજ ઋષિતુલ્ય વ્યક્તિત્વ ધરાવતા શ્રી કિરીટભાઈ જોશીના અધ્યક્ષસ્થાને 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' ની સ્થાપના માટેની રૂપરેખા તથા કાર્યયોજના બનાવવા માટે ૧૬ મહાનુભાવોનો સમાવેશ કરી એક ટાસ્કફોર્સની રચના ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી.

આ ટાસ્કફોર્સ દ્વારા 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ના દૂરગામી દર્શન (VISION), ધ્યેય (MISSION), અને હેતુઓ (OBJECTIVES)ની સંરચના કરવામાં આવી હતી. સાથોસાથ યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રો જેવાં કે સેવાઓની વિગતો નક્કી કરીને યુનિવર્સિટીના સમગ્ર માળખાની પણ ચર્ચા કરવામાં આવી.

'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' માટે મુસદ્દો (BILL) ઘડવા માટે ટાસ્કફોર્સના અધ્યક્ષ અને સભ્ય-સચિવની બનેલી એક ખાસ સમિતિની રચના કરવામાં આવી, જેમાં ડૉ. અભય કશ્યપ તથા પ્રો. જે. એસ. રાજપૂતનો સમાવેશ કરવામાં આવ્યો. કમિશનર-ઉચ્ચ શિક્ષણ અને આચાર્ય શ્રી એમ. આર. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા વિધેયકના મુસદ્દાને આખરી ઓપ આપવામાં આવ્યો.

કેબિનેટની મંજૂરી બાદ તત્કાલીન શિક્ષણમંત્રી મા.શ્રી રમણલાલ વોરા દ્વારા દિ. ૨૮મી જુલાઈ, ૨૦૦૯ના રોજ વિધેયક વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું. પ્રસ્તુત વિધેયકની ચર્ચામાં વિધાનસભાના ઘણા સભ્યોએ ભાગ લીધો અને ચર્ચાને અંતે વિધેયક પસાર થયું.

ગુજરાત રાજ્યના આદરણીય રાજ્યપાલ મહોદયે દિનાંક ૩૧ મી જુલાઈ, ૨૦૦૯ના રોજ અનુમતિ આપ્યા બાદ આ વિધેયક - 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯' (બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯) તરીકેનું સ્વરૂપ પામ્યું.

આ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે મેં દિનાંક ૧૬ જાન્યુઆરી, ૨૦૧૨ના દિવસે કાર્યભાર સંભાળ્યો. એક સત્ત્વશીલ કાર્યમાં જોડાવાનો અવર્ણનીય આનંદ હતો. ગુજરાતના સુવર્ણજયંતી વર્ષ ૨૦૧૦-૧૧માં 'વાંચે ગુજરાત' નામના એક મહાન વૈચારિક આંદોલનના નિમિત્ત અને સૂત્રધાર બન્યાના અનેરા આનંદ અને સંતોષ પછી તરત ૧૦ મહિનામાં મને મા. શ્રી નરેન્દ્રભાઈએ આ કામમાં જોડ્યો એ મારું સદ્‌ભાગ્ય હતું.

મનુષ્યની વાવણીનું કામ કરવાનો અવસર મળ્યો હતો. તન-મન-હૃદયમાં ઊર્જાનો સંચાર હતો. એક નવા જ પ્રકારના કામનો ચીલો ચાતરવાનો હતો. અનેક પડકારો હતા. પણ કામનો પ્રકાર જ એવો હતો કે હું Self charging batteryની જેમ કાર્યશીલ બન્યો. પ્રારંભે જ મારા મનમાંથી એક સૂત્ર અંકુરિત થયું.... 'તેજસ્વી બાળક : તેજસ્વી ભારત'....અને યુનિવર્સિટીના બંધારણ મુજબ શરૂ થયેલા એક કાર્ય - 'તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર'ને વેગવાન બનાવ્યું. ગર્ભવતી મહિલાઓને ઉત્તમ અને સંકલ્પિત સંતાનની પ્રાપ્તિ થાય તે માટે ૨૨ સ્થાનો પર આવાં માર્ગદર્શક કેન્દ્રો શરૂ થયાં, જે 'તપોવન સંશોધન કેન્દ્ર' તરીકે ઓળખાતાં હતાં. અત્યારે જુલાઈ, ૨૦૧૯માં આ લેખ લખાય છે ત્યાં સુધીમાં આ કેન્દ્રો પર ગુજરાતભરમાં ૩૧૦૦૦ જેટલી ગર્ભવતી મહિલાઓએ સ્વસ્થ બાળકોને જન્મ આપ્યો છે. આ બધી માહિતીનું સંશોધનાત્મક વિશ્લેષણ પણ કરવામાં આવ્યું છે.

દિનાંક ૨ ઓક્ટોબર, ૨૦૧૦ : ગાંધીજયંતીથી આરંભાયેલા યુનિવર્સિટીના આ મહત્ત્વપૂર્ણ પ્રકલ્પને સમાજમાં ખૂબ સારો આવકાર અને પ્રતિભાવ સાંપડયો છે. આ કાર્ય સીધું સમાજને સ્પર્શે છે અને હજુ આ યોજના અનેક સ્થાને કાર્યાન્વિત થશે અને સમાજના શ્રેષ્ઠીઓ એનું સુયોગ્ય વહન કરશે એવી શ્રદ્ધા છે.

આવો જ બીજો એક મહત્ત્વનો પ્રકલ્પ છે **- વિદ્યાનિકેતન**. આપણી વિદ્યાસંસ્થાઓ વિદ્યાનાં નિકેતન (સ્વર્ગ) બને, વિદ્યાપ્રાપ્તિનું ધામ બને અને એમાં વિદ્યાર્થીઓ સમગ્રતાનું શિક્ષણ મેળવે તે આવશ્યક છે. તે માટે શિક્ષકો સાચા અર્થમાં ગુરુત્વ પ્રાપ્ત કરે અને ઉત્તમ મનુષ્યોના નિર્માણમાં કાર્યરત બને તેવું પ્રશિક્ષણ શિક્ષકોને આપવા માટે પણ યુનિવર્સિટી પ્રયત્નશીલ છે. બાળક એક સુગંધિત નાજુક કળી છે, એ ખૂલે અને ખીલે એમાં જ એના અસ્તિત્વની સુવાસ છે. આ કથનને ચરિતાર્થ કરવું છે. બાળક ૧૮ વર્ષનો થાય ત્યાં સુધીમાં એનું ચરિત્ર-નિર્માણ એવું કરવામાં આવે કે તે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા સજ્જ હોય. એના સંસ્કારોનો પિંડ એટલો તો મજબૂત બને કે સમાજને સ્વસ્થ, દેશભક્ત અને વિચારશીલ નાગરિકોની ખોટ ક્યારેય ન વરતાય. આ પ્રક્રિયા માટે યુનિવર્સિટી વિશેષ અભ્યાસક્રમો પણ બનાવી રહી છે, જેનાથી વિદ્યાર્થી ભણવાનો આનંદ અનુભવે.

વાલીઓનો....પરિવારજનોનો દિશાબોધ પણ પ્રવર્તમાન સમયનો અતિ મહત્ત્વનો મુદ્દો છે. પરિવારોના માર્ગદર્શન માટે યુનિવર્સિટીએ 'શૈશવનું સ્મિત' અને 'પરિવારની પાઠશાળા' જેવાં સુંદર પુસ્તકોનું સર્જન કર્યું છે.

નાનાં બાળકો માટે ઉખાણાં, જોડકણાં, બાળગીતો અને વાર્તાઓ વિકાસનાં મહત્ત્વનાં અંગો છે. હાલરડાં અને પ્રભાતિયાં પણ આધુનિકતાના આક્રમણે છીનવી લીધાં છે. આ બધાંને પણ જીવંત કરવાનું કામ યુનિવર્સિટી કરી રહી છે. એ માટે યુનિવર્સિટીના પ્રકાશન વિભાગે 'ભૂલકાંઓનો ખજાનો', 'વાર્તા.COM'

અને 'વાર્તાનો રસથાળ' જેવાં સુંદર પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. ગીતો માટે 'બાળગીતો', 'દેશભક્તિ ગીતો' અને 'ભાવ (પ્રાર્થના) ગીતો'ની ત્રણ સી.ડી.પણ બનાવી છે, જેમાં ૩૫ જેટલાં ગીતો સ્વર-સંગીતબદ્ધ કરવામાં આવ્યાં છે, તે અનેક ઘરમાં આજેય ગૂંજે છે. આ બધી સી.ડી. આંગણવાડી તેમજ પ્રાથમિક શાળાઓ માટે ખૂબ ઉપયોગી છે. શિશુપરામર્શન કેન્દ્ર દ્વારા માતાઓને બાળઉછેર સંબંધી માર્ગદર્શન કરાય છે.

આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા **'બાળવિશ્વ'** નામનું માસિક મુખપત્ર પ્રકાશિત થાય છે, જેમાં બાળકો, વાલીઓ અને શિક્ષકોને ઉપયોગી એવી રસપ્રદ માહિતી અને વાર્તાઓ સમાવિષ્ટ હોય છે. આ સામયિક ઘેર ઘેર વંચાય એ દિશામાં પ્રયત્નો ચાલે છે.

યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર દર મહિનાની ૧૨મી અને ૨૭મી તારીખે ૪-૪ વાર્તાઓ ચિત્રો સહિત મૂકવામાં આવે છે. અત્યાર સુધીમાં ૫૦૦ જેટલી વાર્તાઓનો ખજાનો એમાં ઉપલબ્ધ છે. વેબસાઈટ પર કુલપતિના પ્રબોધનાત્મક પત્રો પણ મૂકવામાં આવે છે.

બાળગીતો અને બાળવાર્તાઓનું નિત નવું સર્જન થતું રહે તે માટે વખતોવખત ગુજરાતના વિખ્યાત બાળસાહિત્યકારોને યુનિવર્સિટીમાં બોલાવી ચર્ચા-વિમર્શ કરાય છે. આવી એક બેઠક હમણાં જ ૨૨ જુલાઈના દિવસે થઈ.

શિક્ષણના સાંપ્રત પ્રવાહોનું ચિંતન પણ યુનિવર્સિટીમાં થતું રહે છે. દિનાંક ૧૮ જુલાઈ, ૨૦૧૯ના રોજ 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૧૯' અંગે ગુજરાતના શિક્ષણવિદોને નિમંત્રી એક સેમિનાર યોજાઈ ગયો, જેમાં ઘણું ચિંતન-મંથન થયું અને એનો અર્ક કેન્દ્રના શિક્ષણ મંત્રાલયને પણ મોકલી દેવામાં આવ્યો.

આ યુનિવર્સિટીનું નામ ભલે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'છે, પણ એનું કાર્ય નાનાં બાળકો પૂરતું સીમિત નથી. ખરેખર તો નાનાં બાળકોને સમજવાનું કાર્ય ખૂબ અઘરું છે અને એ મોટાંઓ સમજે તેવા અનેક પ્રયત્નો યુનિવર્સિટી દ્વારા થઈ રહ્યા છે.

કેટલાક ઉચ્ચ સ્તરીય અભ્યાસક્રમો અત્યારે ચાલી રહ્યા છે, જેમાં મનોવિજ્ઞાન, સમાજકાર્ય, ઇંગ્લિશ, આહાર અને પોષણ જેવા વિષયોના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ભણાવાય છે. શિક્ષણ અને મનોવિજ્ઞાનમાં M.Phil અને Ph.d.નું કાર્ય પણ ચાલે છે. ઉપરાંત કેટલાક પાર્ટટાઈમ - ખંડ સમયના અભ્યાસક્રમો પણ દર શનિ-રવિવારે ચાલી રહ્યા છે; જેમાં M.A. (Edu), સ્કૂલ કાઉન્સેલિંગનો PG - Diploma અને Pre-natal Care & Education (પૂર્વપ્રસૂતિ સંભાળ અને શિક્ષણ)નો PG - Diploma વગેરે અભ્યાસક્રમો પણ ચાલે છે.

નાનાં બાળકોના કલા-વિકાસ માટે સંગીત અને ચિત્રકામના છ મહિનાના સર્ટિફિકેટ કોર્સ પણ ચાલે છે અને હવે ટૂંક સમયમાં કોમ્પ્યૂટર કૌશલ્યની સજ્જતા માટે છ મહિનાનો CCCનો સર્ટિફિકેટ કોર્સ પણ શરૂ થઈ જશે.

આમ, યુનિવર્સિટી આબાલવૃદ્ધ માટે કડીરૂપ - સેતુરૂપ કાર્ય કરી રહી છે. અમારા ધ્યેયની સમીપ જવા પ્રત્યેક કદમ મહત્ત્વનું છે. ગુજરાતની સુજ્ઞ પ્રજા એની આત્મીયતા આ યુનિવર્સિટી પર વરસાવે એવી અપેક્ષા સાથે વિરમું છું.

– હર્ષદ પ્ર. શાહ
કુલપતિ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

••